સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિજાતિના લોકોમાં પ્રસરાયેલા કુરિવાજો દૂર કરવા શિબિરોના આયોજન અંગે કુલ યોજાનાર શિબિરો તથા શિબિરવાર ખર્ચ મર્યાદાનું ધોરણ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/ન.બા-૨૪/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧-૧૨-૨૦૧૯

<u>વંચાણે લીધા</u>:-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૫/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: આવિ/ સેલ/ ફા.નં.૬૩૫૧/૨૦૧૯/૧૩૩૩ થી ૧૩૩૫

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૧૦/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ

<u>સુધારા ઠરાવ</u>

આ વિભાગના તા.૦૫/૧૦/૨૦૧૯ના સમાનાંકી ઠરાવથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિજાતિના લોકોમાં પ્રસરાયેલા કુરિવાજો દૂર કરવા શિબિરોના આયોજન માટેની વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૫૦.૦૦/- લાખની નવી બાબતને વહીવટી મંજૂરી નાણા વિભાગના પરામર્શમાં રહીને આપવામાં આવેલ. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧)ના પત્રમાં જણાવ્યા મુજબ આ ઠરાવમાં શિબિર દીઠ ખર્ચ કેટલો કરવો તે માટે શિબિર દીઠ ખર્ચ મર્યાદાનું ધોરણ નક્કી થઇ આવવા માટે નાણા વિભાગના પરામર્શમાં જરૂરી આદેશો થઇ આવવા જણાવેલ.

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧)ના પત્ર અન્વયે જણાવવાનું કે, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિજાતિના લોકોમાં પ્રસરાયેલા કુરિવાજો દૂર કરવા શિબિરોના આયોજન માટેની વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૫૦.૦૦/- લાખ (અંકે રૂપીયા પચાસ લાખ પુરા)ની નવી બાબત અંગે યોજાનાર/ થનાર શિબિરો કુલ-૭૭, શિબિરવાર ખર્ચ મર્યાદાનું ધોરણ અંદાજે રૂ.૬૫,૫૦૦/- લાખ (અંકે રૂપીયા પાસઠ હજાર પાંચસો પૂરા)ની નાણા વિભાગના પરામર્શમાં તેઓની તા.૧૨/૦૯/૨૦૧૯ પરની નોંધથી મળેલ મંજૂરીથી નક્કી કરવામાં આવેલ છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૨/૦૯/૨૦૧૯ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે. આ વિભાગના તા.૦૫/૧૦/૨૦૧૯ના ઠરાવની શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.



Scanned by CamScanner

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અરવલ્લી / સાબરકાંઠા.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર તરફ ઠરાવને વિભાગની વેબસાઇટ ઉપર સત્વરે મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ.



Scanned by CamScanner